# ધો.૧૦-૧૨ માટે નવા નિર્ણયો કેમ લેવા પડયા ?

શિક્ષણની પ્રક્રિયાને પરિવર્તન સાથે ઝાઝો સંબંધ છે. શિક્ષણ દ્વારા અનેક ક્ષેત્રોમાં પરિવર્તન આવે તો જ કહી શકાય કે શિક્ષણની પ્રક્રિયા જીવંત છે. શિક્ષણ હોય ત્યાં સ્થગિતતા સંભવિ જ ન શકે. માટે જ શિક્ષણ દ્વારા, શિક્ષણ માટે અને શિક્ષણથી પરિવર્તનને આવકારવું જ પડે. જે સમાજ પરિવર્તનને શિક્ષણથી દૂર રાખવાનો પ્રયત્ન કરે તે સમાજ લાંબો સમય ટકી ન શકે અને ટકે તો વિકાસ સાધી ન શકે. માટે જ માધ્યમિક શિક્ષણ બોર્ડે પણ સમયની માંગ અને ભૂતકાળના કેટલાક અનુભવોને ધ્યાનમાં રાખી ધો.૧૦-૧૨ માટે કેટલાક પરિવર્તનો કર્યા છે. બોર્ડના શૈક્ષણિક સમિતિના સભ્યને નાતે આ નિર્ણયો લેવામાં સહભાગી થવાયું તે મારા માટે ખૂબ જ જીવંત પ્રક્રિયા બની રહી અને ભવિષ્યના સમાજના ઘડતર માટે કશુંક કર્યાનો આનંદ પણ રહ્યો. ત્યારબાદ કેટલાક વાલી અને શિક્ષકો સાથેની ચર્ચાથી લાગ્યું કે, મા.શિ.બોર્ડે આ નિર્ણયો કેમ લીધા તેની વાતથી હજું ઘણાં વાલી, વિદ્યાર્થી અને શિક્ષકો પરિચિત નથી. આ બાબતે જ આ લેખ લખવાની પ્રેરણા આપી.

સૌ પ્રથમ વાત કરીશું ધો.૧૦ની. પ્રથમ તો ધો. ૧૦માં બોર્ડની પરીક્ષામાં કુલ સાત વિષયને બદલે પાંચ વિષયની પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવશે. આમ કરવા પાછળનું મુખ્ય કારણએ હતું કે, અન્ય રાજ્યો અને સી.બી.એસ.સી.માં પણ પાંચ  વિષયો જ ફરજિયાત છે. તો આપણે શા માટે સાત વિષયો ફરજિયાત રાખીને વધુ ભારણ આપવું? ઓછા વિષો હશે તો વધુ ઊંડાણપૂર્વક અભ્યાસ થઇ શકશે. આ ઉપરાંત પચાસ ગુણની પરીક્ષા હેતુલક્ષી હશે. જેથી હોશિયાર અને નબળા વિદ્યાર્થીને અલગ તારવી શકાશે, સાથે નબળા વિદ્યાર્થીને કોઇ ગેરફાયદો થવાનો નથી. માત્ર ફાયદો જ થશે. પરીક્ષાનું પરિણામ વધુ આવશે. ઓછું પરિણામ આવવાથી નાપાસ થનાર વિદ્યાર્થીઓ ભણવાનું છોડી દેતા હતાં. જેથી આવા વિદ્યાર્થીઓ સમાજથી દૂર જતા હતા. ક્યારેક અસામાજિક પણ બની જતા હતા. બે વિષયની પરીક્ષા શાળા લેશે. આ બે વિષયો વિદ્યાર્થીએ જાતે પસંદ કરેલા હશે. જેથી તેમાં તેના રસરુચિ સમાયેલ હોવાથી તે બે વિષય પણ તેને અઘરા નહીં પડે. પરીક્ષા શાળા લેતી હોવાથી બોર્ડની પરીક્ષાનો હાઉ પણ નહીં હોય.

ધો.૧૧-૧૨માં વિજ્ઞાનપ્રવાહમાં સેમેસ્ટર સિસ્ટમ દાખલ કરવામાં આવી. જેનો અમલ આવતા વર્ષથી થે. આ પૂર્વે અભ્યાસક્રમ અને પાઠ્યક્રમમાં કેટલુંક પરિવર્તન પણ આવશે. સેમેસ્ટર દાખલ કરવા પાછળ એક કરતાં વધુ કારણ હતાં. પ્રથમ તો શાળા અને વિદ્યાર્થી માત્ર ધો.૧૨ ને જ મહત્ત્વ આપતા હતાં. ધો.૧૧ નું ખૂબ જ ઓછું શીખવવામાં આવતું હતું. જેથી વિદ્યાર્થી ધો.૧૧નું બરાબર શીખ્યો પણ ન હોય અને ધો.૧૨નું શીખવવામાં આવતું હતું. જે વિદ્યાર્થીને કઠિન પડતું હતું. તે સતત માનસિક તનાવમાં જ રહેતો હતો. જેની અસર ધો.૧૨માં નકારાત્મક રીતે દેખાઇ આવતી હતી. સેમેસ્ટર કરવાથી દરેક શાળાએ ધો.૧૧નો પૂરેપૂરો અભ્યાસક્રમ સારી રીતે શીખવવો પડશે. સાથે દર છ મહિને પરીક્ષા આવતી હોવાથી વિદ્યાર્થીને પરીક્ષા માટે એકસાથે વધુ વિષયવસ્તુ તૈયાર નહીં કરવું પડે,.માનસિક રીતે તનાવમાં નહીં હોય. તૈયારી માટે પૂરતો સમય મળી રહેશે, સમયસર તૈયારી કરશે, ગોખણપટ્ટીથી દૂર રહેશે. સાચા અર્થમાં સમજીને અભ્યાસ કરશે. સેમેસ્ટરને કારણે અભ્યાસક્રમ થોડો ઘટશે. જેથી વિદ્યાર્થી અને શિક્ષક બંનેનો કાર્યભાર અત્યારના પ્રમાણમાં હળવો થશે. જેથી શીખવવાનું અને શીખવાનું સારી રીતે થશે. શાળાએ ફરજિયાત સારી રીતે કામ

કરાવવું પડશે, વિદ્યાર્થી હોંશેહોંશે સારી રીતે તૈયારી કરીને પરીક્ષા આપશે અને સારું પરિણામ પણ આવશે. આ પરિસ્થિતિ સર્જાતા વિદ્યાર્થીને ટ્યુશન રાખવાની બહુ જરૂર નહીં પડે.

ધો.૧૦-૧૨ ના અંતે બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાના અંતે રાજ્ય અને જિલ્લાકક્ષાએ પ્રથમ દસ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીની યાદી જાહેર કરવામાં અવતી હતી, તે હવે પછીથી જાહેર નહીં કરવી. આમ કરવા પાછળના મુખ્ય હેતુ એ હતાં કે, બોર્ડમાં ક્રમાંક મેળવી શકે તેવા વિદ્યાર્થીઓ પર માનસિક દબાણ શાળા, શિક્ષકો, વાલી દ્વારા સતત રહેતું હતું. કેટલીક શાળાઓ તો અન્ય શાળાના હોશિયાર વિદ્યાર્થીને લાલચ આપીને પોતાની શાળામાં ખેંચી લાવતી હતી. આમ નાનપણથી જ સારો હોશિયાર વિદ્યાર્થી અનૈતિકતાના પાઠ શીખતો થઇ જતો હતો. ઉપરાંત કેટલીક શાળા કે શિક્ષકો પોતાનો વિદ્યાર્થી બોર્ડમાં એકથી દસના ક્રમાંકમાં આવે તે માટે ખોટા રસ્તાઓ પકડતા હતા. બોર્ડમાં બે-ચાર માર્કસ માટે ક્રમાંક નહીં મેળવી શકનાર વિદ્યાર્થીઓ પર માનસિક તનાવ ખૂબ જ ઊભો થતો હતો. આવા ઘણામ કારણોસર ધો.૧૦-૧૨ની પરીક્ષાના અંતે પ્રથમ દસ ક્રમાંક આપવાનો નિર્ણય પાછો ખેંચી લીધો. તેના બદલે હવે પછી દરેક વિદ્યાર્થીને પર્સેન્ટાઇલ આપવામાં આવશે. જેથી દરેક વિદ્યાર્થી જાણી શકશે કે તે પોતે જે તે વર્ષે પરીક્ષામાં બેહેલા કેટલા વિદ્યાર્થી કરતાં આગળ છે. આમ કરવાથી બીજો પણ એક ફાયદો થશે કે, જુદા જુદા વર્ષે પરીક્ષા આપનાર વિદ્યાર્થી વચ્ચે સરખામણી કરવી હશે તો પણ થઇ શકશે. અત્યારે જોઇએ તો દસ વર્ષે પહેલાં જેટલા ટકા આવતા હતા તેના કરતા આજના વિદ્યાર્થીને વધુ ટકા આવે ચે. તેનો અર્થ એ ન જ કરાય કે ભૂતકાળના વિદ્યાર્થી કરતાં આજનો વિદ્યાર્થી વધુ હોશિયાર છે. આમ પર્સેન્ટાઇલ આપવાથી આ મર્યાદા દૂર થશે. પરીક્ષાલક્ષી બીજો નિર્ણ્ય એ હતો કે, બોર્ડની પરીક્ષામાં પાસ થવાનું ધોરણ ૩૫ ટકાથી ઘટાડીને ૩૩ ટકા કર્યું. કાર કે, આમપણ ૩૩ ગુણ લાવનારને વધારાના બે ગુણ ગ્રેસીંગ માર્ક તરીકે આપીને આપણે પાસ કરતાં જ હતા. તો શા માટે ૩૩ ગુણથી પાસ ન કરવા. જેથી ગ્રેસીગની પ્રથા જ દૂર થઇ જાય. સાથે માર્કશીટમાં નાપાસ શબ્દ નહીં હોય. નાપાસ શબ્દ દૂર કરવા પાછળનું કારણ એ છે કે, જેનાથી નાપાસ થનાર વિદ્યાર્થી અને તેના વાલીએ જાણે કોઇ ગુન્હો કર્યો હોય તેમ સમાજ તેની સામે જૂએ છે. તેઓ બંને પોતે લઘુતાગ્રથીથી પીડાતા હોય છે. તેઓ પોતાનું સ્વમાન ગુમાવી દેતા હોય છે. જેથી હવે પછી માર્કશીટમાં નાપાસની જગ્યાએ “સુધારણા જરૂરી” જેવો શબ્દ મૂકવામાં આવશે. સાથે કુલ નવ ગ્રેડમાંથી યોગ્ય ગ્રેડ આપવામાં આવશે.

કેટલાક વાલીનો પ્રશ્ન હતો કે, ધો.૧૦માંથી પરીક્ષા દૂર કે વૈકલ્પિક કરવાની હતી તે કેમ ન કર્યું? જેના જવાબ છે કે, પરીક્ષા દૂર કે વૈકલ્પિક કરવાથી વિદ્યાર્થી અને શિક્ષકો, શાળા વગેરે કામ કરવામાં પાછી પાની કરશે, ગંભીરતાથી શિક્ષણ કાર્ય નહીં થાય. ઉપરાંત પરીક્ષાથી વિદ્યાર્થી, શિક્ષક અને શાળાની જવાબદારી નક્કી થાય છે. સૌએ પોતાની જવાબદારી ફરજિયાત નીભાવવી જ પડે. વળી, આજના હરીફાઇના યુગમાં વિદ્યાર્થીને ભવિષ્ય માટે તૈયાર કરવાનો છે. ભવિષ્યમાં તેને અનેક ઘણી પરીક્ષામાં બેસીને અન્ય વિદ્યાર્થીની હરીફાઇ કરવાની છે ત્યારે ધો.૧૦ની પરીક્ષાથી જ તેને આપણે આ માટે તૈયાર કરી રહ્યાં છીએ. આ ઉપરાંત વહીવટી રીતે જોતાં ધો.૧૦ પછી આગળ અભ્યાસ કરવા માટે જ્યારે ટકાની ગણતરી થતી હોય ત્યારે શાળાએ અપેલ પરિણામ કે ટકા પર આધાર રાખી ન શકાય. આવા અનેક કારણોસર ધો.૧૦ની પરીક્ષા વૈકલ્પિક કે રદ કરી નથી.